# SAMVAD E-JOURNAL

ISSN (Online): 2583-8334

(International Peer-Reviewed Refereed Journal)

Volume 4, Issue-2, July to September : 2026

**Published by Rangmati Publication** http://www.rangmatipublication.com/


## ડુંગરી ગરાસિયાઓ સામાજિક-સાંસ્કૃતિક અને લોકજીવનનો પરિચય


*ડૉ. જમનાબહેન હિરાભાઈ ગામેતી*


ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાનાં રાજપુર ગામમાં જન્મેલા પ્રભુદાસ પટેલનું નામ ગુજરાતી સાહિત્યમાં ગુંજતું થયું છે. તેમનો જન્મ- 01/06/1964ના રોજ રાજપુર મુકામે જ થયેલ છે. જન્મ, બાળપણ, શિક્ષણ અને નોકરી એમ આજ સુધી મેટાભાગે રાજપુરમાં જ રહ્યા છે. પ્રાથમિક શિક્ષણ રાજપુરમાં, માધ્યમિક શિક્ષણ બિલડીયા, પી.ટી.સી. કડિયાદરા અને પ્રાથમિક શિક્ષક તરીકે તેઓ વિજયનગરની તાલુકા શાળામાં જોડાયા. ભણવાની ધગશ અને વાંચનના શોખ કારણે સવારે વિજયનગર કૉલેજમાં પોતે ભણવા જાય અને પછી તાલુકા શાળામાં ભણાવવા જાય. એવી રીતે નોકરી કરતાં-કરતાં B.A., M.A. અને Ph.D. જેવી ઉચ્ચડિગ્રીઓ મેળવી વડાલી કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. પ્રોફેસરની નોકરી મળ્યા પછી ગુજરાતી સાહિત્યના જુદા-જુદા સાહિત્ય સ્વરૂપોમાં પોતાની કલમ ચલાવી. તેમની પાસેથી સંશોધન-સંપાદનના પુસ્તક 'અરવલ્લીની લોકસંપદા' (2009), 'ડુંગરી ગરાસિયાઓ : સામાજિક-સાંસ્કૃતિક, લોકજીવન અને લોકવંગમય' 'ધરમાભાઈ શ્રીમાળીની શ્રેષ્ઠ વાર્તાઓ (2014), વિવેચનના "નાટ્યનિકષ' (2018), 'સાઠોત્તરી ગુજરાતી મૌલિક દીર્ઘનાટક', "શબ્દવિમર્શ', વાર્તાસંગ્રહ "વન્યરાગ' (2014), 'દેવચકલી' (2021), લઘુકથાસંગ્રહ 'તણખો' (2024) વગેરે જેવા અનોખા અને અણમોલ પુસ્તકો સાંપડે છે. તેમની પુરષ્કૃત થયેલ કૃતિઓની વાત કરીએ તો 'નાટ્યનિકષ'ને કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા પુરષ્કૃત, 'વન્યરાગ'ને ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ધૂમકેતુ અને ગુર્જર પરિવાર તથા નર્મદ સાહિત્ય સભાથી પુરષ્કૃત, 'દેવચકલી' અસાઇત સાહિત્ય સભા, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયેલ છે. પ્રભુદાસ પટેલ એટલે વાર્તાકાર, સંશોધક, સંપાદક, વિવેચક, લઘુકથાકાર, ઉત્તમ વક્તા અને એક અભ્યાસુ પ્રોફેસર તરીકેની આગવી ઓળખ ઊભી કરનાર. આવા બહુમુખી પ્રતિભા ધરાવતા પ્રભુદાસ પટેલના 'ડુંગરી ગરસિયાઓ' સંશોધન પુસ્તકનો વિગતવાર અભ્યાસ કરવાનો અહી ઉપક્રમ સેવ્યો છે.

ડુંગરી ગરાસિયા' પુસ્તક પ્રભુદાસ પટેલે 118 પાનાંમાં પોતાના વતન વિજયનગર તાલુકાને ધ્યાનમાં રાખીને ડુંગરી ગરાસિયા આદિવાસી સમાજનો દસ્તાવેજી અભ્યાસ કરેલ છે. 'ડુંગરી ગરાસિયાઓ' એટલે વિજયનગર, ભિલોડા, શામળાજી અને મેઘરજમાં વસવાટ કરતો આદિવાસી સમાજ. સંશોધક પણ વિજયનગરના જ હોવાથી આ પુસ્તકની શરૂઆતમાં 'અંતરપટ' નામધરી નિવેદનમાં નોંધે છે કે, "સદનશીબ કે ડુંગરી ગરાસિયાઓની વસ્તી વચ્ચે જ મારો જન્મ ઉછેર થયાં હોઈ તેમની બોલીનો પ્રશ્ન મને નડ્યો નથી. તેથી જ આ પ્રાચીન સંસ્કૃતિ-સભ્યતા ધરાવતી. જ્ઞાતિના (જેઓ વિજયનગર, ભિલોડા અને મેઘરજ તથા રાજસ્થાનના સરહદી તાલુકાઓમાં વસે છે) ભૂતકાલીન તથા વર્તમાનની પરિવર્તન પામેલી રૂઢિ-પરંપરાઓ તથા લોકસાહિત્ય, ભાષા વગેરેને આવરી લઈને અહીં પુસ્તકરૂપે પ્રગટ કરી રહ્યો છું." (પૃ.7) આવા સવાયા આદિવાસી સર્જકે આ દસ્તાવેજીકરણ કર્યાનો રાજીપો વ્યક્ત કરું છું. આ પુસ્તક સાત પ્રકરણમાં લખાયેલ છે. પ્રસ્તાવના 'ધગશની ખાત્રી કરાવતો અભ્યાસ' નામે પ્રેમજી પટેલે પ્રકરણવાર અભ્યાસ પૂર્વક લખેલ છે.

પ્રકરણ-1 ડુંગરી ગરાસિયાઓની જીવનશૈલી

સંપાદકે ઉત્તર ગુજરાતનો ભૌગોલિક પરિચય આપ્યો છે. તેમજ ડુંગરી ગરાસિયા, ડુંગરીભીલ અને સોખલા ગરાસિયા વચ્ચેનો ભેદ અને તેઓ કયાં કયાં તાલુકામાં વસવાટ કરે છે એની પણ વિગતવાર માહિતી આપી છે. તેમણે સંપાદક 'ડુંગરી ગરાસિયા'નો અભ્યાસ કર્યો હોવાની ચોખવટ કરી ડુંગરી ગરસિયા લોકો રાજસ્થાનથી આવેલા એવું અહીં નોંધી વિગતે વાત કરે છે.

આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજમાં જોવા મળતા ગોત્ર પ્રમાણે અટકોની નોંધ 'ડુંગરી ગરાસિયા જાતિ' લે. સભાષ પાંડર પૃ.60-61 પુસ્તકમાંથી લીધાનું નોંધ્યું છે. એ ઉપરાંત વિજયનગર તાલુકામાં વસતા આદિવાસીની ગોત્ર અને અટકોની યાદી અલગથી પણ

આપી છે. તેઓએ વિજયનગરમાં પિસ્તાલીસ જેટલી અટક ધરાવતા આદિવાસી ડુંગરી ગરાસિયા વસે છે. આદિવાસીઓ મોટાભાગે ખેતરમાં કે ટેકરીઓ ઉપર કાચા નાના ઘર બનાવીને રહે છે. ઘરને લાલ કે સફેદ માટીથી સ્ત્રીઓ લીંપણ કરી ભાત પડે છે. અત્યારે આધુનિક ઢબે બનેલા મકાનો પણ જોવા મળે છે. આ સમાજ સંયુક્ત કુટુંબમાં રહે છે. બધા ભાઈઓના લગ્ન થયા પછી સમજાવટથી જુદા થાય છે. પુત્રના હોય તો ઘરજમાઈ રાખે છે. સ્ત્રીઓ વડીલોની લાજ કાઢે છે. દીકરા-દીકરીના જન્મને સમાન માને છે. લગ્ન પહેલાના જાતિય સંબંધોને નજર અંદાજ કરવામાં આવે છે. ખેતરમાં સ્ત્રી-પુરુષ બંને કામ કરે છે. આજે આ સમાજના દીકરાની જેમ દીકરી પણ ભણાવવામાં આવતી હોવાથી દીકરીઓ નોકરી કરતી થઈ છે. આદિવાસી સમાજ શિક્ષણ થકી અન્ય સમાજના સંપર્કમાં આવવાથી પહેરવેશમાં અમુલ પરિવર્તન આવી ગયું છે. અલ્પશિક્ષિત મોટી ઉમરના પુરુષો ખમીસ, ઝભ્ભો, ધોતિયું અને માથે ફેંટો અને સ્ત્રીઓ ઘાઘરો, કબજો-ઓઢણી કે પંજાબી પહેરે છે. આદિવાસીઓનો પારંપારિક ખોરાક કુરી-કોદરા-બંટી ઉપરાંત માંસ તથા વન્ય ફળફળાદી આ બધુ નહિવત થઈ ગયું છે. અત્યારે મકાઇ અને ઘઉંના રોટલા અને ખેતરમાં ઉપલબ્ધ શાકભાજી ખાય છે. તેમજ દારુનું વ્યસન પણ ઓછું થઈ ગયું છે. આદિવાસી ડુંગરી ગરાસિયાઓનો મુખ્ય વ્યવસાય આગાસિયા ખેતી અને ગૌણમાં પશુપાલન, મજૂરી, શિકાર અને વન્યપેદાશો છે. વ્યવસાયોમાં સમયની સાથે સાથે પરિવર્તન આવેલે છે. તેથી આધુનિક ખેતી અને શિક્ષણ થકી નોકરી- ધંધા કરતાં થયાં છે. આદિવાસીઓ પ્રકૃતિના ખોળે વસતો સમાજ છે. પરંતુ સમયની સાથે પરંપરાગત જીવનશૈલી, શિક્ષણ, વ્યવસાય પોશાક અને રહેઠાણમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે.

પ્રકરણ-2 જીવનપ્રસંગો અને ધબકતું લોકજીવન

ડુંગરી ગરાસિયા આદિવાસી સમાજના જીવનપ્રસંગો વિષે સંપાદકે નોંધ્યું છે કે, "ભારતીય શાસ્ત્રો, વેદો કે ઉપનિષદોએ ગણાવેલા વિવિધ સોળ પ્રકારના સંસ્કારો આદિવાસીઓના જીવનપ્રસંગોમાં કાંતો આદિમસભ્યતારૂપે તો ક્યાંક મુખ્ય ધારાના પ્રભાવરૂપે વણાઈ ગયા હોવાનો અનુભવ થાય છે. સીમંત, જન્મ, વિવાહ અને અંત્યેષ્ટિ (મરણ)- વગેરે આદિવાસી સભ્યતાના મહત્વના અને પવિત્ર સંસ્કારો છે." સીમંત વિધિને ખોળો ભરાવવોના નામે ઓળખે છે. પ્રથમ વખત પ્રસૂતાના આઠમા મહિને આ પ્રસંગ આવે છે. દીકરા-દીકરીના જન્મને સમાન માનવામાં આવે છે. પહેલા સુવાવડ દાયણ દ્વારા કરાવવામાં આવતી હતી. અત્યારે આધુનિક સુવિધાઓના કારણે દવાખાનામાં જ સુવાવડ થાય છે. આ સમાજમાં લગ્ન વિષયક ખ્યાલો પણ જુદા છે. લગ્નમાં ગાવું-નાચવું મુખ્ય વિશેષતા અત્યારે લુપ્ત થતી જાય છે.

લગ્ન પ્રથા તેમના જિલ્લા, તાલુકા કે સમૂહ પ્રમાણે શિસ્ત જોવા મળે છે. બહિગોર્ત્ર વિવાહમાં આ સમાજ પોતાના ગોત્ર કે પેટા ગોત્રમાં લગ્ન કરી શકાય નહીં. ગોત્રમાં જ થતાં લગ્નનો વિરોધ થાય છે. સમય જતાં સમાધાન કે મારામારી સુધી પહોંચી જાય છે. પલાયન વિવાહ યુવક-યુવતી જ્યારે ઘરથી ભાગીને લગ્ન કરે છે. બહુપત્નીત્વમાં પત્નીના અવસાન કે હયાતીમાં પુરુષ એકથી વધુ લગ્ન કરે છે. દિયરવટુ ભાઈના કોઈ કારણોસર અવસાન થાય તો ભાભીનું લગ્ન દિયર જોડે થાય તેથી ઘર અને છોકરા બંને સચવાયનો ઉમદા આશય રહેલો છે. સાળીવટું બેનના મૃત્યુ પછી કે અન્ય કોઈ કારણોસર સાળી-બનેવીના પસંદગીથી લગ્ન થાય છે. પત્ની હયાત હોય તો સમજૂતી કરીને બંને રહે છે. મા-બાપની પસંદગીથી થતાં લગ્નને સર્વોત્તમ લગ્ન માનવામાં આવે છે. આ લગ્ન સમાજની આગવી લોકસંસ્કૃતિ અને રીત રિવાજ મુજબ થતાં હોય છે.

ડુંગરી ગરાસિયા સમાજમાં લગ્ન નક્કી કરતાં પહેલા ઘણી પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે. જેમાં છોકરાને છોકરી ગમે તો છોકરીના ઘરવાળા છોકરનું ઘર જોવા જવાનો રિવાજ છે. તે ઘર, ખેતી, જમીન અને કુટુંબની માહિતી મેળવે છે. ઘર ગમે તો જમીને જાય છે. ઘરે જઈને વડહાળી જોડે ગમ્યાના સમાચાર મોકલી કાર્યવાહી આગળ ચલાવે છે. લગ્નની તારીખ નક્કી કરવા વરપક્ષના કન્યાના પિતાને ઘેર જઈ  જરૂરી રિવાજ કરી લગ્ન તારીખ નક્કી કરવામાં આવે છે. વર-કન્યાની સગાઈરૂપે કન્યાના પિતા વરને વીંટી પહેરાવે છે. લગ્નના અઠવાડીયા પહેલાં વરપક્ષ તરફથી બે જણ કન્યાના ઘરે પીઠી અને નાકનો કાંટો આપવા જાય છે. કન્યા કે વરને પીઠી કરવાના દિવસે પહેલા એને નવડાવવામાં આવે છે. ગણેશ સ્થાપનામાં પીઠી અને કંકુથી વર-કન્યા દોરવામાં આવે છે. ગીતો ગવાય અને પીઠી કરવામાં આવે છે. મકાઇ કે ચણા બાફીને ઘૂંઘરીની પ્રસાદ કરવામાં આવે છે. પાટલા પર બેસાડી વર કે કન્યાને નચાડવામાં આવે છે તેને મુરીયું રમાડવું કહે છે. વરની જોડે જ રહેતાને અમલો અને કન્યાની જોડે જ રહેતીને અમલી કહે છે. લગ્ન પછી એમને કપડાં લઈ આપવામાં આવે છે. પીઠી પછી સગાસંબંધીઓને જુદા જુદા દિવસે ચાંલ્લા કે નુતેર માટે બોલાવવામાં આવે છે. તેઓ સોના-ચાંદીના દાગીના, કપડાં કે પૈસાથી ચાંલ્લો નોંધાવે છે. આનંદમંગલથી જમે, ગીતો ગાય છે.   કન્યા માટે કપડાં અને દાગીના લઈને કન્યાના ઘરે જઈ જાન આવે ત્યાં સુધી ખાટલા પર બેસનારને લગનિયા આપવાની વિધિ કહે છે.

વર- કન્યાના લગ્નના આગલા દિવસે ગામમાં ઘોડા અને બેન્ટવાજા સાથે ફુલેકું કાઢવામાં આવે છે. પાછા આવી માંડવો રોપી ગામની નુતેર કરવામાં આવે છે. બીજા દિવસે વર હોય તો જાન જાય અને કન્યા હોય તો જાન આવે છે. લગ્નના દિવસે ટીલડી ચડાવવી, સાળાનો નાચ, સાસુનું વર પોખણું, ફેરાવિધિ, ડેયસું આપવું, નરવત અને કન્યા વિદાય- આ તમામ વિધિવિધાનોમાં આદિવાસી સમાજની આગવી સંસ્કૃતિના દર્શન થાય છે.

મરણમાં નાના બાળકોની દફનવિધિ અને મોટાઓને અગ્નિદાહ આપી. તેની યાદમાં ખેતરમાં દેરી કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાનું વર્ણન સંપાદકે કર્યું છે. મૃતકના બેસણા અને કારજના દિવસે કરવાની વિધિઓનું સરસ નિરૂપણ કર્યું છે. એમના સૌથી નજીકના સગા તેડી જાય કપડાં બદલાવે જેને ખૂણો કાઢવો કહે છે. મરણ પછીના પહેલા તહેવાર સુધી મૃતકનો શોક પાળવામાં આવે છે. હોળી હોય તો ગામ લોકો ઢોલ વગાડીને દિવાળી હોય તો ફટાકડા ફોડી શોક ભાંગે છે. આ રીતેની આદિવાસી સીમંત, લગ્ન અને મરણ જેવા પ્રસંગો પોતાની પારંપારિક આગવી શૈલીથી સંપ, સહકાર અને સેવાભાવથી કરતાં હોવાના નાતે ઘણી અગવડતામાં સગવતા કરી દરેક પ્રસંગની અનેરી મોજ લેતા હોય છે.

પ્રકરણ-3 તહેવાર અને મેળાઓની ઉજવણી : પરંપરા અને પરિવર્તનની દ્રષ્ટિએ

આદિવાસી પ્રજા ઉત્સવ પ્રિય છે. તે ગમે ત્યાં ધંધા-રોજગાર કરતાં હોય પરંતુ તહેવાર મેટાભાગે પોતાના ઘરે જ કરવાનો આગ્રહ રાખે છે. આ સમાજમાં ઉજવાતા તહેવારોમાં મુખ્ય ઉત્તરાયણ જેની ઉજવણી જૂની પરંપરા મુજબ પોષ સુદ શુક્રવારના દિવસે નોખી રીતે ઉજવણી કરવામાં આવતી હતી. એ દિવસે વહેલી સાવરે દેવચકલી પકડવામાં આવે છે. તેને ઘેર ઘેર ફરી ઘી-ગોળ ખવડાવવામાં આવે છે. છેલ્લે મુખીના ઘરેથી ઉડાવવામાં આવે છે. એ જ્યાં બેસે એ પ્રમાણે આવનાર વર્ષનો વરતાવો મળે છે. ત્યારબાદ બપોરે ચામર જોડે તાજા ચામડાનો મોટો દડો બનાવવામાં આવે છે. રમનાર યુવકો બે ટીમ બનાવી વડીલોની સૂચના મુજબ રમે છે. આ પરંપરા આજે શિક્ષણની અસરથી લુપ્ત થતી જાય છે. પરંતુ સંશોધકે સરસ શબ્દ્સ્થ કરી છે. અત્યારે તો 14 જાન્યુઆરીના દિવસે પતંગ ચગાવીને જ થાય છે. ડુંગરી ગરાસિયામાં નવરાત્રિની શરૂઆત આસો સુદ અગિયારસ કે બારસથી થાય છે. નવરાત્રિનું સ્થાનક કરતાં પૂર્વે ત્યાં લીંપણ કરી સાફસફાઇ કરે છે. નવરાત્રિમાં થતી વિધિને નોંધવા લાયક છે. “નવે નવ દિવસ દરમ્યાન માતાજીનો ઉપવાસ-ધ્યાન-ધૂણવું ચાલે છે. સામાન્ય રીતે ધૂણ્યા પછીના વિરામના સમયમાં આદિવાસી તરુણ-તરુણીઓ ગીતો ગાતાં ગાતાં નૃત્ય કરે છે. થોડો સમય નાચવા ઠેકવાનું થાય કે ફરી મોટો ભૂવો ધૂણવા માંડે કે સાધકો સ્થાનકે દોડી આવીને ધૂણવાનું શરૂ કરી દે છે. આમ ધૂણવા-નાચવામાં બારથી એક વાગી જાય છે ત્યારે સમાપન થાય છે.”

સંશોધકે નવરાત્રીની ઉજવણીની પૂરી રીત અહીં શબ્દસ્થ કરી છે. હોળીની ઉજવણી ફાગણ સુદ એકમના દિવસે સાંજે વર્ષોથી પરંપરા મુજબ બાળવાની જગ્યાએ ભેગા થઈ ઢોલ-લેજીમની રમઝટ વચ્ચે એના નિયમો આધીન સળગાવવામાં આવે છે. એ આખી રીત-રિવાજનું વર્ણન સંશોધકે વર્ણવેલ છે. એજ રીતે ધૂળેટી અને ગેર રમાડવી-ગેર મેળો અને ગોટપ્રથાનું પણ આબેહૂબ અને નિજી અનુભવોથી આલેખ્યું છે. દિવાળીનો તહેવાર અત્યારે પણ પારંપરિક રીતે જ ઉજવાય છે આ પર્વને અજવાળા તરીકે ઓળખે છે ધનતેરસના દીવાથી આ તહેવાર આરંભય છે. કાળી ચૌદસ, દિવાળી અને બેસતુ વરસ એ દરેક દિવસની ઉજવણી પોતાની લોકસંસ્કૃતિ અને માન્યતાને આધીન ઉજવણી કરવામાં આવે છે. આ મુખ્ય તહેવારોની પરંપરાગત ઉજવણીના દરેક પ્રસંગને સંશોધકે વર્ણવ્યા છે. ઉપરાંત શિવરાત્રી જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી એ દિવસે ઉપવાસ અને મંદિર દર્શન કરીને ઉજવે છે લોકો સમરૂપ પરંપરાગત મેળાઓ આદિવાસી સમાજમાં મેળાઓ માટેના જે વર્ષો પહેલા આનંદ હતો તે ઓસરી ગયો છે તેમજ મેળાઓ બંધ થતા જાય છે સંશોધકે વડીલોના હાવ ભાવને આલેખે પહેલાના મેળાની વિગતવાર માહિતી આપી છે. જેમાં, મેળામાં જતા ગવાતા ગીતો પણ ઉલ્લેખ કર્યો છે. જેમ કે,

- જોઈ આજજી રે-

મેઘવાસીનો મેળો તબુક જોય આજજી રે.
મેળો મેળો થાય હે તબુક જોય આજજી રે.

આ રીતે ગીત લખીને એના શબ્દાર્થ સાથે ભાવાર્થની સમજૂતી આપેલ છે. આવી રીતે આદિવાસી સંસ્કૃતિ એક અનોખા પ્રકારની છે.

પ્રકરણ-૪ ધાર્મિક શ્રદ્ધા, દેવ-દેવીઓ તથા માન્યતાઓ-

આદિવાસી ડુંગરી ગરાસીયાના દરેક તહેવાર અને પ્રસંગ પાછળ શ્રદ્ધા રહેલી છે ક્યાંક વ્યક્તિગત તો ક્યાંક સામૂહિક તથા આકસ્મિક આપત્તિમાંથી ઉગરવા તે ધર્મ સંપ્રદાય ગૂઢતત્વ કે દેવ-દેવીઓનો આશ્રય લે છે. વ્યક્તિના મૃત્યુ પછી પુનર્જન્મની માન્યતાને

લીધે તેના મૃત્યુના બીજા દિવસે રાત્રે થાળીમાં દીવો, વાટકીમાં દહીં અને થાળીમાં લોટ વેરીને ટોપલાની નીચે ઢાંકી દે છે. એના બીજા દિવસે સવારે એમાં જે પદચિન્હનો આકાર પડ્યો હોય એ જન્મ પામ્યાની ધારણા બંધાય છે. આ સમાજના પોતાના દેવી-દેવતાઓ અને પ્રકૃતિની પૂજા આરાધના કરે છે ઉપરાંત માનતા રાખે છે તેમ જ વ્યસન પણ છોડે છે. વ્યક્તિના મૃત્યુન કારજ પછી મૃતકના નામે ભજન-કીર્તન રાખવામાં આવે છે. જેમાં દેશી ભજન મંડળીના ભક્તો ભજનો ગાય છે એ ભજન નોંધવા જેવુ છે.

"બંગળો કાસો બણાયો મા'રાજ,
બંગળો કાસો બણાયો મા'રાજ
ઈંટો કાસી પાકેલી મા'રાજ, ઈંટો. (2)
નવસે નાડીઓ બણાવી મા'રાજ, નવસે,

જેવા કબીર કે રામનંદી સંપ્રદાયના ભજનો ઉપરાંત મરણોત્તરવિધીઓ કરવામાં આવે છે જેમાં ગુરુને વિશેષ માન અપાય છે મૃતકના મરણ પછી તેની યાદમાં ખેતરના છેડે પાળીયો કે દેરી કરે છે. એ દેરીની વાર-તહેવારે અને પ્રસંગોપાત પૂજા થાય છે. તેમની વ્યક્તિગત બીમારી માટે ભોપા જોડે તંત્ર-મંત્ર કરવી વિધિ-વિધાન કરાવે છે. ક્યારેક પશુ રોગચાળો કે વરસાદ ન આવતા સામૂહિક ધોરણે બલિ આપી દેવી-દેવતાને રીઝવવામાં આવે છે. આ સમાજમાં પીપળાના કે વડના ઝાડમાં ભૂત વસે છે એવી માન્યતા પ્રવર્તે છે. તેમજ ડાકણ વિદ્યામાં માને છે આ ડાકણ વિધિની સમજૂતી સંશોધકે વિગતવાર આપી છે આ રીતે આ સમાજમાં ધર્મ શ્રદ્ધા સંપ્રદાયો માન્યતાઓ દેવ-દેવીઓમાં શ્રદ્ધાઓ ભૂત-પ્રેત, ડાકણ અંગેની પારંપરિક લોકસંસ્કૃતિના દર્શન થાય છે. આ સમાજ ખ્રિસ્તી મિશનરીઓના પ્રભાવથી ધર્મ પરિવર્તન કરતો પણ જોવા મળે છે

પ્રકરણ 5 ડુંગળી ગરાસિયાઓની ભાષા

આ સમાજના લોકો પોતાને પરંપરાગત ભજનો, લોકગીતો, દંતકથાઓ, કહેવત- રૂઢિપ્રયોગો, માન્યતાઓ, મંત્ર-તંત્ર, પોતાના વિસ્તારના પ્રસંગો અને ઉત્સવોમાં પોતાની લોક બોલીનો જ પ્રયોગ કરે છે. સંશોધક સ્થાનિક અને એક ગુજરાતી ભાષાના પ્રોફેસર હોવાના નાતે આ બોલીને ભાષાવિજ્ઞાનની દ્રષ્ટિએ સરસ તપાસી છે એ જોઈએ તો

(એ) ડુંગળી ગરાસિયા બોલીમાં સ્વરોનું ઉચ્ચાર: (1) 'એ' ને બદલે અન્ય સ્વરનું ઉચ્ચાર (2) 'ઓ' નું 'ઉ' કે 'ઑ' ઉચ્ચાર (3) કવચિત 'અ' ને બદલે 'ઍ'

(બી) ડુંગરી ગરાસીયા બોલીના વ્યંજન અને ધ્વનિ ઘટકો- (1) 'ઘ' નો 'ગ' કે 'ક' (2) 'ચ' ને બદલે 'સ' (3) 'છ' નો બહુધા 'સ' કે 'હ' (4) મ.પ્રા. 'ઢ' ને બદલે અ.પ્રા. 'ડ' કે 'ટ'નું ઉચ્ચારણ (5) મ.પ્રા. 'ભ' ને બદલે અ.પ્રા. 'પ'નું ઉચ્ચારણ (6) મ.પ્રા. 'ધ' ને બદલે અ.પ્રા. 'ત'નું ઉચ્ચાર (7) સંઘર્ષી વ્યંજન 'શ' નો 'હ' કે 'સ' (8) 'ષ' નો 'હ' (9) મોટે ભાગે શબ્દભંડોળમાં 'હ' ને બદલે 'અ' નું ઉચ્ચારણ (10) પટ્ટણી બોલીની જેમ 'સ' નો 'હ'

(સી) કેટલાક અનુનાસિક ધ્વનિઓનું ડુંગરી ગરાસિયા બોલીમાં વિશિષ્ટ ઉચ્ચારણ- (1) સિષ્ટમાન્ય ગુજરાતીના 'ઙ'નું લોકબોલીમાં નિરનુનાસિક કે વિશિષ્ટ ઉચ્ચારણ (2) અનુનાસિક 'ણ' નું સરળ કે અન્ય રીતે ઉચ્ચાર (3) ક્વચિત અનુનાસિક 'મ' સરળ રૂપે

(ડી) ડુંગરી ગરાસિયા બોલીનું વિશિષ્ટ શબ્દભંડોળ (2) વિશિષ્ટ પ્રાણી શબ્દભંડોળ

(ઇ) ડુંગળી ગરાસિયા બોલીની વ્યાકરણગત લાક્ષણિકતાઓ- (1) ભૂતકાળ સૂચક ક્રિયારૂપોમાં 'ય'ની જગ્યાએ 'જ' નું ઉચ્ચારણ (2) ભવિષ્યકાળ બ.વ. નાં રૂપોમાં મોટેભાગે 'શ' ની જગ્યાએ 'હ' નું ઉચ્ચારણ (3) ભવિષ્યકાળ એ.વ.નાં રૂપોમાં 'શ' નો લોપ (4) 'થી' અનુગને સ્થાને 'હા' – 'હી' – 'હું - જેવાં રૂપો યોજાય છે. (5) 'છે' ને સ્થાને વ્યાપક 'હે' નો ઉપયોગ (6) સંયુક્ત ક્રિયારૂપોનાં સંક્ષિપ્ત રૂપો (7) 'હો' અને 'છ' સહાયકારક ક્રિયારૂપોને બદલે વિશિષ્ટરૂપો. આમ, આ દરેક નિયમ સંશોધકે ઉદાહરણસહ સરસ સમજાવ્યા છે. એ રીતે ડુંગરી ગરાસિયા સમાજનું આગવું શબ્દભંડોળ અને ભાષાકીય ખાસિયતો છે. તે શિષ્ટ ગુજરાતી અને પટ્ટણી બોલીથી પણ જુદી પડે છે.

પ્રકરણ-6 ડુંગરી ગરાસિયાઓનું લોકવાડમય : જીવન સંદર્ભોની અભિવ્યક્તિ

ડુંગરી ગરાસિયા સમાજમાંથી લોકગીતો પ્રાપ્ત થાય છે. તે લગ્નની જુદી જુદી રીતરસમોમાં ગવાય છે. વાર-તહેવારે કે કોઈ પ્રસંગે નૃત્ય સાથે ગવાય છે. આ પ્રકરણમાં સંશોધકે પોતે સાંભળેલા, આવડતા, અન્યને લખેલ ગીતો, માહિતી દાતા પાસેથી સાંભળેલ લોકગીતો લખી શબ્દાર્થ આપ્યા છે. તેમજ ગીતોની શિષ્ટ ભાષામાં સરળ સમજૂતી આપેલ છે. તે લોકગીતો વિશે જોઈએ પીઠી ચડાવતા પહેલા સ્નાન વિધિમાં લાડા કે લાડીને સંબોધીને ગવાતા ગીત લખી તેના શબ્દાર્થ અને સમજૂતી આપેલ છે. પીઠી પછી 'મુરીયું'નું ગીત

'ગિરિમાળાના ટહુકા' લેખિકા- વિજય પુષ્પા ભગોરાના પૃ.13 પરથી લઈ સંપાદિત કરેલ છે. જે ગીત, શબ્દાર્થ અને સમજૂતી આપેલ છે પ્રણય નિરૂપણનું ગીતએ માહિતી દાતા મગનભાઇ નિનામાએ આપેલ છે. ઠાકોર સમાજનાં ભાભી-દિયરના સંબંધોનું ગીત આદિવાસી લોકબોલીમાં સરસ સાંપડે છે તે નોંધપાત્ર છે

"રૈયા રે કેવું બુલે રમીલાલ ઠાકેડું રે,
ઠાકેડું ઠાકેડું રમીલાલ ઠાકેડું રે,

તો બીજા માહિતી દાતા કાંતિલાલ ગામેતી જોડેથી દિયર-ભાભીનાં પ્રચ્છન્ન પ્રણયસ્વભાવનું ગીત પણ નોંધ પાત્ર છે.

"મણિ વુ રૈયા કેવું બુલે મણિ સેમ કુઘેરી વાજે,
મણિ આજ વળાકો આવે, મણિ સેમ કુઘેરી વાજે,"

તો સાળી-બનેવી વચ્ચેનાં સંબંધોને નિરૂપતું માહિતી દાતા શૈલેષ બારા પાસેથી મળે છે. સાળી બનેવીનાં પ્રણયભાવને રજૂ કરતું ગીત માહિતી દાતા સતીષભાઈ અસારી જોડેથી મળ્યું છે. ભાભી-નણંદનું સંબંધ આલેખતું ગીત માહિતી દાતા મગનભાઇ ખતાત જોડેથી મળે છે. નણંદ-ભાભીનો સખી ભાવ અભિવ્યક્ત કરતું ગીત 'ગુજરાતી લોકસાહિત્યમાળા મણકો-૧૧' સંપાદિકા-સવિતા રાણપુરા સંચિત 'છત્રીવાળાની ઓળખ' પૃ.૨૧૨ પરથી સંપાદિત કરેલ છે. યુવતીના મનોભાવ દર્શાવતું ગીત 'આદિવાસીઓના લોકગીતો' સંપાદક- પંકજ પટેલ, પૃ.૩૩-૩૪માંથી સંપાદિત કર્યું છે. બાપના મનોભાવને નિરૂપતું ગીત રામજીભાઇ કટારા પાસેથી, પ્રણય સંબંધોના પરિણામરૂપ માર-કૂટ અને પલાયન લગ્ન પછી થતાં સમાધાનમાં ગવાતું ગીત ચંદુભાઈ ડામોર પાસેથી તો આદિવાસી લોકગીતોમાં શૌર્ય-સાહસભાવ અને દેશ-સમાજપ્રીતિનું નિરૂપણ કરતાં ગીતો ઉપરાંત પરંપરાગત શ્રદ્ધાઓ-અંધશ્રદ્ધાઓ અને માન્યતોને નુરૂપણ કરતાં લોકગીતો સંપાદકે ગીતાના શબ્દોના અર્થ સમજાવી એ ગીતોના ભાવાર્થની સમજૂતી શિષ્ટભાષામાં આપેલ છે એ સંપાદકની વિશેષતા ઉડીને આંખે વળગે એવી છે. ગુજરાતી ભાષાને વાંચી સકતી દરેક વ્યક્તિ આ ગીતોને સરસ રીતે સમજી શકે.

પ્રકરણ-7 'ડુંગળી ગરાસિયાઓનું લોકસાહિત્ય : દસ્તાવેજીકરણ અને સંપાદન'

ઉત્તર ગુજરાતમાં વસતા આદિવાસી સમાજનો ભૌગોલિક પરિચય આપ્યો છે. આદિવાસી સાહિત્યનું સંપાદન કરેલ સંપાદકોનો નામોલ્લેખ કર્યો છે જે જોઈએ તો ડુંગળી ભીલ સમાજને કેન્દ્રમાં રાખીને વિરચંદ પંચાલ, નવજી ડાભી, ભગવાનદાસ પટેલ, જિજ્ઞાસા પટેલ, હસુ યાજ્ઞિક, બળવંત જાની, જયાનંદ જોશી, જશવંત શેખડીવાળા, દીપક પટેલ જેવા સંશોધક અને સંપાદકોએ લેખન કાર્ય કર્યું છે. પ્રભુદાસ પટેલે અહીં ડુંગરી ગરાસિયા સમાજનો અભ્યાસ કર્યો છે તેથી તેના અનુગામી વિજય પુષ્પા ભાગોરા, સવિતા રાણપુરા, પ્રભુદાસ પટેલ અને પંકજ પટેલ આટલા લોક સંપાદકો મળે છે.  જેના વિશે આ પ્રકરણમાં વિગતવાર માહિતી આપેલ છે

વિજય પુષ્પા ભગોરા પાસેથી 'ગિરિમાળાના ટહુકા' (1994) લોકગીત સંપાદન પુસ્તક મળે છે. એ ગીતો વિશેનો પરિચય આપેલ છે. સવિતા રાણપુરા પાસેથી 'ગુજરાતી સાહિત્યમાળા મણકો -11' માં અગિયાર ડુંગરી ગરાસિયાના લોકગીતો મળે છે જેની નોંધ કરી છે. પ્રભુદાસ પટેલ પાસેથી 'અરવલ્લીની લોકસંપદા' (2009)માં 21 લોકગીતોનું સંપાદન અને તેના આસ્વાદ સાંપડે છે.  જેની વિગતવાર નોંધ કરી છે. ડૉ. પંકજ પટેલ પાસેથી 'આદિવાસીઓના લોકગીતો' (2010) ના નામે લોકગીતોનું સંપાદન મળે છે. જેમાં વિજયનગરના ડુંગરી ગરાસિયા અને કાથોડી આ બંને જ્ઞાતિના અલગ અલગ ભાગમાં લોકગીતો આવરી લીધા છે.

પરિશિષ્ટ- 1 માહિતી દાતાઓ

સંશોધકે ડુંગરી ગરાસિયાના લોક-રિવાજો-પ્રસંગો અને વિધિવિધાનોની માહિતી ચંદુભાઈ ડામોર, સોમજીભાઈ ભગોરા, મગનભાઈ ખતાત પાસેથી મળ્યાની નોંધ છે ઉત્સવ ઉજવણીઓ અને મેળાઓની માહિતી બધા ભાઈ ડામોર લાલુભાઇ ડામોર સતિષભાઈ અસારી શૈલેષભાઈ બારા સોમજીભાઈ ભગોરામ રામજીભાઈ કટારા કાંતિલાલ ગામેથી કિરીટભાઈ પાંડોર કાંતિભાઈ પટેલ પાસેથી મળ્યા નો ઉલ્લેખ છે ડુંગળી ગરાસિયાના લોકગીતો ચંદુભાઈ ડામોર લાલુભાઈ ડામોર સતીશ અસારી મગનભાઈ નીનામા શંકરભાઈ ડેડીયાર કાંતિભાઈ ગામેતી રમેશભાઈ પટેલ મગનભાઈ કતાત ખાવડાભાઈ ડામોર શૈલેષકુમાર બારા પાસેથી મળ્યાનો ઉલ્લેખ કરે છે પરિશિષ્ટ બે માં સંદર્ભ પુસ્તકોની નોંધ કરી છે આ રીતે આ સમગ્ર સંપાદક પુસ્તકમાંથી પસાર થતાં આપણે આદિવાસી સમાજના જોવા મળતી વિશેષતાઓ મળે છે.

સર્જક પ્રભુદાસ પટેલ પોતાના 'અંતરપટ' નિવેદનમાં નોંધ છે કે, "સદનશીબ કે ડુંગરી ગરાસિયાઓની વસ્તી વચ્ચે જ મારો જન્મ ઉછેર થયાં હોઈ તેમની બોલીનો પ્રશ્ન મને નડ્યો નથી. તેથી જ આ પ્રાચીન સંસ્કૃતિ- સભ્યતા ધરાવતી. જ્ઞાનના (જેઓ વિજયનગર, ભિલોડા અને મેઘરજ તથા રાજસ્થાનના સરહદી તાલુકાઓમાં વસે છે) ભૂતકાલીન તથા વર્તમાનની પરિવર્તન પામેલી રૂઢિ-પરંપરાઓ

**તથા લોકસાહિત્ય, ભાષા વગેરેને આવરી લઈને અહીં પુસ્તકરૂપે પ્રગટ કરી રહ્યો છું ત્યારે એજ અપેક્ષા થાય કે મારો આ અભ્યાસ આ દિશામાં કામ કરનારા ભાવિ અભ્યાસીઓને મદદરૂપ થશે તો મારા કાર્યનું સાર્થક્ય લેખીશ." (6) આ પુસ્તકમાંથી પસાર થયાં પછી ચોક્કસપણે કહી શકાય કે આ પુસ્તક 'આદિવાસી ડુંગરી ગરાસિયા' સમાજ માટે એક દસ્તાવેજી પુરાવો છે.**

**સંદર્ભ-**

**(1) 'ડુંગરી ગરાસિયાઓ' સામાજિક-સાંસ્કૃતિક લોકજીવન અને લોકવાઙ્મય લે- ડૉ. પ્રભુદાસ પટેલ પ્ર.આ.2014**